મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫

આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

આજનું પંચાંગ

ઉદિત તિથિ	શુક્લ પક્ષ ત્રયોદશી બપોરે ૩:૧૫ સુધી, ત્યાર બાદ ચતુર્દશી
વાર	ગુરુ
નક્ષત્ર	ઉત્તર ભાદ્રપદ બપોરે ૧૨ સુધી, પછી રેવતી
કરણ	તૈતિલ બપોરે ૩:૧૫ સુધી, ત્યાર બાદ ગજ ૩૦ તારીખની સવારે ૪:૨૯ સુધી, પછી વણિજ
યોગ	હર્ષણ ૩૦ તારીખના ૨:૩૯ સુધી, ત્યાર પછી વજ
આજની રાશિ	મીન
રાશિના અક્ષરો	દ. ચ. ઝ. થ.

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ (અ. લ. ઈ.)
આજના દિવસે કામ અને આરામની વચ્ચે સંતુલન જાળવવું જરૂરી બનશે. ઈચ્છા આરામ કરવાની હશે પણ ઘણાં કામો પેન્ડિંગ હોવાથી ધાર્યો આરામ ન કરી શકો તેવું બને. આજે એવો નકારાત્મક વિચાર આવે કે 'જે મહેનત કરું છું તેનું પરિણામ નથી મળતુંલ્લ. આવું ન વિચારશો કેમ કે અત્યારની પરિસ્થિતિ બહુ જ ટેમ્પરરી છે. બધું ઓલરાઈટ થઈ જશે થોડા સમયમાં.

વૃષભ (બ. વ. ઉ.)
સામાન્યતઃ આપ બીજા લોકોના વિચારો પર કોઈ બાબતે આધારિત નથી હોતાં પણ આજે એવું બને કે બીજા લોકો પર ભરોસો રાખી અને કામ કરવું પડે. ક્યાંક એવું ય લાગે કે જો અન્ય લોકો વધારે સપોર્ટ કરે તો આપનું કામ વધુ સારું થાય. પણ, એક કહેવત યાદ અપાવું? 'પારકી આશ, સદા નિરાશલ્લ. જો આપ 'ડુ ઈટ યોરસેલ્ફલ્લ અભિગમ આજે અપનાવશો , તો સુખી થશો.

મિથુન (ક. છ. ઘ)
જો આપ વધુ વિચારવા રહેશો તો તક હાથમાંથી જતી રહેશે. એવું નથી કહેતો કે ન વિચારો પણ ઝડપથી નિર્ણયો લેજો. એમાં જ લાભ છે. આજનો દિવસ અમૂલ્ય તકો લઈને આવી શકે છે. આપનો એકાદ ફોન કૉલ, સરસ લાભ આપશે. આજના દિવસે કાર્યશીલ રહેશો અને ધાર્યાં પરિણામો મેળવી શકશો. સફળતા આપના દ્વાર ખખડાવશે.

કર્ક (ડ. હ.)
આજે આપને બીજા લોકોની પરખ થશે. આપ 'દૂધ કા દૂધ, પાની કા પાનીલ્લ કરવાના મૂડમાં હશો. એમાં ખોટું નથી, પણ એનાલિસિસ કરતી વખતે વિચારજો, ભૂતકાળને સાપેક્ષમાં રાખીને વ્યક્તિઓ વિષે અંતિમ નિર્ણય લેજો, નહીં તો ભૂલ થવાની શક્યતાઓ છે. આજે લાગણીનો પ્રવાહ મજબૂત રહેશે. પ્રેમમાં પડવાની પૂરી શક્યતાઓ છે હોં!

સિંહ (મ. ટ.)
ભાગ્ય આપને સાથ નથી આપી રહ્યું એવી લાગણી થાય. આજનો દિવસ સામાન્ય બાબતોમાં કે ક્ષુલ્લક બાબતોમાં પણ સંઘર્ષ કરાવે તેવું બને. આપ એવું ધ્યાન રાખજો કે આર્થિક નુકસાન તો નથી થઈ રહ્યું ને? એ સિવાયની કોઈ પણ ચિંતા કર્યા વગર દિવસ પસાર કરો. કોઈ પણ વ્યક્તિ કાયમ એક સરખી લાગણી આપના પ્રત્યે ન રાખી શકે, ન તો આપ એવું કરી શકો. તે વાસ્તવિકતા સ્વીકારજો.

કન્યા (પ. ઠ. ણ)
સામાન્યતઃ આપ સોશિયલ ડિસ્ટન્સ જાળવો છો પણ આજે એવું બને કે લોકો આપની નજીક આવવા પ્રયાસ કરે અને આપ તેમને પરવાનગી પણ આપો. અહીં વાત કોરોના સૂચક સામાજિક અંતરની નથી, અંતર વચ્ચેના અંતરની છે. જે લોકો આપને દિલથી ચાહે છે, તેમની સાથે આપ દિલ ખોલીને ખુલાસાઓ કરશો. આપને હળવાશ પણ લાગશે અને નૈકટ્યના ફાયદા સમજાશે.

તુલા (ર. ત.)
આજના દિવસે રૂટિન આપ પોતે સેટ નહીં કરી શકો. સંજોગો નક્કી કરશે કે આપે શું કરવાનું છે અને કઈ દિશામાં જવાનું છે. આપ ફ્લેક્સિબલ છો – તરલ છો – એટલે વાંધો નહિ આવે. આપ આજે ગણતરીઓમાં નહીં પડો. માત્ર આપ એટલું જોશો, કે બીજા લોકો ખુશ છે ને આપનાથી? આજે આર્થિક ખર્ચ થશે જ થશે.

વૃશ્ચિક (ન. ય.)
આપને એવું જ લાગશે કે આજનો દિવસ સફળ છે. કામમાં સફળતા. નવી નોકરી માટે એપ્લાય કરો તો તેમાં સફળતા. જો બિઝનેસ કરતાં હશો તો તેમાં પણ સફળતા. અંગત જીવનમાં બીજા લોકો સાથે તાલમેલ જળવાયેલો રહેશે. આજે ઘણું શીખવા પણ મળશે, જીવન અંગે. આજના દિવસે કામ અને આનંદની વચ્ચે બેલેન્સ પણ જળવાશે અને મજા આવશે.

ધન (ભ. ફ. ધ. ઢ)
કોઈ પ્રકારનું ભારણ મનમાં રાખશો નહીં. એવું પણ બને કે આપ દુવિધાજનક માનસિક સ્થિતિમાં હોવ પણ ક્લેરિટી આવતાં વાર નહીં લાગે. ઘણાં પ્રશ્નોના જવાબ આપના હૃદયમાંથી જ ઉભરી આવશે. આજે દિલની વાત કોઈને કહેશો. અંગત સંબધો મજબૂત બનશે પણ આપ આજે ખાસ્સા સંવેદનશીલ હોવાથી, કોઈ બાબતે આપને ખોટું લાગે તેવું પણ બને.

મકર (ખ. જ.)
કોઈ વાતે જો ઠોસ નિર્ણય લેવો હોય તો મુશ્કેલી પડે. વિચાર સીધી લીટીમાં ન ચાલે. કોઈના ઓપિનિયનથી દોરવાઈ જવાય. જે કંઈ થાય તે સારાં માટે – એવું આપને થોડા દિવસ બાદ સમજાશે. ધંધામાં સાહસ કરશો નહીં. નોકરીમાં સામાન્ય દિવસ તરીકે આજનો દિવસ વિતે. સંશયમાં વધારો થાય.

કુંભ (ગ. શ. સ.)
'પૈસો મારો પરમેશ્વર, ને હું પૈસાનો દાસલ્લ એ ફિલસુફી આજે આપના વાણી વર્તનમાં છલકાય એવું બને. પણ, એ નિયમ આપ બધાં વ્યક્તિઓ માટે લાગુ ન પણ પાડો. આજે આર્થિક રોકાણોને લગતી દુવિધાઓ થવાની છે. એવું પણ બને કે આપ પોતાના ઉપાર્જિત ધનની ચિંતા કરો. અમુક પરિવારજનો અંગે આપનો કન્સર્ન વધે. એક વાત કહું? આજે ગળપણ ખાવાના યોગ મજબૂત છે!

મીન (દ. ચ. ઝ. થ)
આપની રાશિ, બંને દિશામાં વિચારે છે. ઘણી વાર એનાથી કન્ફ્યુઝ થવાય તો ઘણી વાર ક્લેરિટી વધે. આજે આપ જ નક્કી કરો કે શું કરવું છે? નિર્ણયો લેવા માટે દિવસ તરફેણમાં છે પણ સાચું કહું તો મને એવું લાગે છે કે આપ દ્વિધામાં જ રહેશો. કદાચ મહત્વના નિર્ણયો કાલે જ લેશો. વાંધો નથી. કાલનો દિવસ વધારે સારો છે. આજે જલસા કરો અને બહુ સ્ટ્રેસ ન લેશો.

૨૪ કલાકમાં નવા ૯૮૦ કેસ

રાજ્યમાં કોરોનાથી કુલ ૬ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૫૮૯૭૬૨૭ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૫૨૯૯૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૭

ભારતમાં કોરોનાના નવા ૪૩,૮૯૩ કેસો સામે આવ્યા છે. જેથી કોરોનાનો કુલ આંકડો પણ ૭૯,૯૦,૩૨૨ થયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાનુસાર કેરળ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને દિલ્હીમાં તહેવારોના કારણે સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે. જોકે, રાહતની વાત એ છે કે છેલ્લા પાંચ અઠવાડિયામાં મૃત્યુદરમાં ઘટાડો જોવા મળ્યો છે. ગુજરાતમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં ૯૮૦ કેસ સામે આવતા હવે કુલ આંકડો પણ ૧૭૦૦૫૩એ પહોંચ્યો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૫૧,૯૧૨ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૫૮,૯૭,૬૨૭ થયો છે. રાજ્યમાં ૯૮૦ નવા દર્દીઓ સામે ૧૧૦૭ દર્દીઓ સ્વસ્થ થયા છે.

જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૫૨,૯૯૫ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૭૯૮.૬૫ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૧૭,૫૦૬ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫,૧૭,૨૯૯ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૨૦૭ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૩,૩૫૪ એક્ટિવ કેસ છે.

જેમાંથી ૬૩ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૩૨૯૧ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે ત્યારે મૃત્યુઆંક પણ વધ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬ મૃત્યુ નોંધાયા છે. જેમાં સુરત અને સુરત કોર્પોરેશનમાં ૧-૧, અમદાવાદ કોર્પોરેશનમાં ૩ અને રાજકોટમાં ૧ દર્દી મોતને ભેટ્યા છે. જેથી હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૩૭૦૪ થયો છે.

કોલવડા મંદિરમાં ચોરી કરનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

લોકડાઉન દરમિયાન ગાંધીનગર શહેર નજીક આવેલા કોલવડા ગામના ગોગા મહારાજ અને જોગણી માતાના મંદિરમાં ચોરી કરનાર આરોપીને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપી મંદિરમાંથી ચોરી કરેલા સોના-ચાંદીના દાગીના વેચવા માટે સેકટર-૨૪ ખાતે ફરી રહ્યો હતો તે સમયે પોલીસે તેને દબોચી લીધો છે. આ અગાઉ પણ આરોપીએ ત્રણ મંદિરમાં પત્ની સાથે મળીને ચોરીને અંજામ આપ્યો હતો.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમ કાર્યરત હતી તે સમયે કોન્સ્ટેબલ જીગ્નેશકુમારને આરોપી અંગે બાતમી મળી હતી. જેમાં મંદિર ચોરીના ગુનામાં ઝડપાયેલ ચંદ્રકાંત ઉર્ફે મુન્નો વિનોદભાઈ પરમાર (રહે.સ્વામીનારાયણ પાર્ક નવા નરોડા)ને સેકટર-૨૪ ખાતે સોના-ચાંદીના દાગીના વેચવા માટે ફરી રહ્યો છે. જેને પગલે એલસીબી પોલીસે તેને આર્ય સમાજ પાસેથી પકડી પાડયો હતો. પોલીસે થેલીમાં તપાસ કરતા ચાંદીના બે છત્તર, પાટ, રણી મળી કુલ રૂ. ૨,૦૮,૪૯૭ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપીની પુછતાછ કરતા તેણે કોલવડા ગામના બે મંદિરમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જેમાં ગત તા. ૨૭ ફેબુઆરીના રોજ આરોપી પત્ની ગીરા સાથે મળીને કોલવડા આશાપુરાનગર સોનીપુર માર્ગ પર આવેલા ગોગા મહારાજના મંદિરમાંથી ૯૦ હજારના સોનાના બે નાના છત્તરની ચોરી કરી હતી. ત્યારબાદ માર્ચ માસમાં ફરીવાર પત્ની સાથે મળીને કોલવડાના જોગણી માતાના મંદિરમાંથી રૂ.૨,૧૮,૭૫૦ ની કિંમતના ચાંદીના નાનામોટા છત્તર, ચાંદીની પાદુકા, પાયણા, લક્ષ્મીજીની મૂર્તિ, ચાંદીનો ગરબો, ચાંદીનો ગ્લાસ સહિતના આભુષણોની ચોરી કરી હતી.

ગાંધીનગરના રાધે રાધે પરિવારના યુવા સભ્યોએ આરસી સેલ્સ ગૃપ એન્ડ પેન ગૃપની મુલાકાત લીધી હતી. જેમાં કંપનીના માલિક રાકેશભાઈ પ્રજાપતિ જેઓ જરૂરિયાતમંદોની સેવા તેમજ રાષ્ટ્રભકિતના કાર્યોમાં અગ્રેસર રહે છે અને મોટીવેશનલ વકતા તથા લેખક સુરેશભાઈ પ્રજાપતિ તેમજ શિક્ષક અને વકતા એવા હિતેષભાઈ પ્રજાપતિ સાથે મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાતના અંતે યુવાનોને સુરેશભાઈ તથા અલકાબેન પ્રજાપતિ લિખિત ૨૦ પુસ્તકનો સેટ 'મનની મિઠાઈ' તથા કોરોના વોરિયર્સ એવોર્ડ, આભારપત્ર તેમજ અન્ય શુભેચ્છા ભેટ અર્પણ કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં ફટાકડાના વેપારનો હંગામી પરવાનો મેળવવા અંગે

ગાંધીનગર શહેર વિસ્તારમાં ફટાકડાનો હંગામી પરવાનો મેળવવા માટેના અરજી ફોર્મ નંબર- ૪ તા. ૨૯ ઓકટોબર થી તા.૪ નવેમ્બર, ૨૦૨૦ દરમ્યાન સવારના ૧૧.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન જન સેવા કેન્દ્ર, કલેકટર કચેરી, ગાંધીનગર ખાતેથી મળશે. ભરેલા ફોર્મ તા. ૪ નવેમ્બર,૨૦૨૦ ના ૫.૦૦ કલાક સુધી જનસેવા કેન્દ્ર, ગાંધીનગર ખાતે સ્વીકારવામાં આવશે, તેવું મામલતદારશ્રી (જ.ફા) ગાંધીનગરે જણાવ્યું છે.

મામલતદારશ્રી (જ.ફા), ગાંધીનગરે વધુમાં જણાવ્યું છે કે, હંગામી પરવાનાની અરજી ઉપર રૂ. ૩/- ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાડવાની રહેશે. લાયસન્સ ફી રૂ. ૨૦૦/- ૫૦૦/- = ૭૦૦/- સદર હેડ '૦૦૭૦', ઓ.એ.એસ.સી સદરે જનસેવા કેન્દ્રમાંથી મંજૂર કરાવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અથવા બેંક ઓફ બરોડામાં ચલણથી જમા કરાવવાની રહેશે. જેની એક નકલ અરજી ફોર્મ સાથે બિડાણ કરવાની રહેશે. ખુલ્લા પ્લોટ માટે ભાડાની રકમ ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેર શ્રી પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી પૈકી જે કચેરીમાં ભાડુ વસુલ લેવામાં આવતું હોય તે કચેરીમાં જમા કરાવી ભાડાની પહોંચ અરજી પત્રક સાથે બીડવાની રહેશે. ગાંધીનગર શહેરમાં સરકારી ખુલ્લા પ્લોટ સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અથવા અધિકક્ષ ઈજનેરશ્રી, ગાંધીનગર તરફથી નિયત કરવામાં આવે તે સેકટર માટે જ હંગામી લાયસન્સ આપવાના છે. જેથી આ અંગેની વિગતો જાણી જે તે સેકટર પુરતી જ પ્લોટ મેળવવા માટે પસંદગી પ્રમાણે અરજી કરવાની રહેશે. પ્લોટની ફાળવણી ડ્રો ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી અથવા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કરવામાં આવશે. જે પ્લોટ ફળવાશે તેમાં જ ધંધો કરવાનો રહેશે. જેથી પ્લોટનું ભરેલું ભાડું રીફંડ મળશે નહી. પ્લોટ ઉપર સ્ટોલની વ્યવસ્થા, લાઈટની વ્યવસ્થા, ફાયર સેફટીના સાધનોની વ્યવસ્થા લાયસન્સદારે જાતે કરવાની રહેશે. લાયસન્સની શરતો પ્રમાણે આગ/અકસ્માત માટેની સાવચેતીના પગલાં લાયસન્સદારે લેવાના રહેશે. છતાં કોઈ દુર્ઘટના બનશે તો તેની જવાબદારી લાયસન્સ ધારકની જ રહેશે. જરૂર જણાયે લાયસન્સ માટે અરજી કરનારે વિમો લેવાનો રહેશે. લાયસન્સ મેળવનાર વ્યક્તિએ ધંધો જાતે જ કરવાનો રહેશે. અન્ય વ્યક્તિને ધંધો કરાવા અધિકૃત કરી શકશે નહી કે અન્યને વાપરવા આપી શકશે નહી. અરજદારો કોઈ ગુન્હામાં સંડોવાયેલ નથી તેવું પ્રમાણપત્ર તેના રહેણાંકના નજીકના પોલીસ સ્ટેશનમાંથી મેળવી અરજીપત્રક સાથે રજૂ કરવાનું રહેશે. સંબંધિત ફાગર ઓફિસરશ્રીનો અભિપ્રાય પણ અરજી પત્રક સાથે રજૂ કરવાનો રહેશે.

પુસ્તકો આપવાના બહાને બાળકોને શાળાએ બોલાવ્યા

અમદાવાદ,તા.૨૮

સરકારી શાળાઓ ફરી વિવાદમાં આવી છે. કોરોનાના સંક્રમણ વચ્ચે શાળાઓ દ્વારા એકમ કસોટી લેવાઈ રહી છે અને તે કસોટીના બહાને બાળકોને કોઈને કોઈ પ્રકારે શાળામાં બોલાવવામાં આવતા હોવાનો વીડિયો વાયરલ થયો છે. એકમ કસોટીનું પ્રશ્નપત્ર અને પુસ્તકો આપવાના બહાને શાળા વિદ્યાર્થીઓ અને વાલીઓને બોલાવવી રહી હોવાનું વીડિયોમાં સ્પષ્ટ થઈ રહ્યું છે. ત્યારે આ વાયરલ વીડિયોથી ફરી વિવાદ સર્જાયો છે. જો આ રીતે બાળકોને બોલાવાય અને બાળક કોરોના સંક્રમિત થશે તો જવાબદાર કોણ? તે સૌથી મોટો સવાલ ઉપસ્થિત થયો છે.

આઈઆરએફસીએ સેબીમાં આઈપીઓ પેપર્સ ફાઈલ કર્યાં

ઈન્ડિયન રેલવે ફાઈનાન્સ કોર્પોરેશન (આઈઆરએફસી)એ ૧૭૮ કરોડથી વધુ શેર્સના પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) માટે બજાર નિયામક સેબી સમક્ષ પેપર્સ ફાઈલ કર્યાં છે. શુક્રવારે સેબીમાં ફાઈલ કરાયેલા ડ્રાફ્ટ રેડ હિયરિંગ પ્રોસ્પેક્ટસ મૂજબ આઈપીઓ હેઠળ ૧,૭૮૨,૦૬૯,૦૦૦ ઈક્વિટી શેર્સનું વેચાણ કરાશે. તેમાં ૧,૧૮૮,૦૪૬,૦૦૦ ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને ભારત સરકાર દ્વારા ૫૯.૪ કરોડ ઈક્વિટી શેર્સના ઓફર ફોર સેલ સામેલ છે.

આઈપીઓ દ્વારા પ્રાપ્ત કરાયેલા ભંડોળનો ઉપયોગ બિઝનેસની વૃદ્ધિ અને કોર્પોરેટના સામાન્ય હેતુઓ માટે મૂડીની ભાવિ જરૂરિયાતો પૂર્ણ કરવા માટે કરાશે.

ડીએએમ કેપિટલ માર્કેટ એડવાઈઝર્સ (અગાઉ આઈડીએફસી સિક્યુરિટિઝ), એચએસબીસી સિક્યુરિટિઝ એન્ડ કેપિટલ માર્કેટ્સ, આઈસીઆઈસીઆઈ સિક્યુરિટિઝ અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ ઓફરને મેનેજ કરી રહ્યાં છે. અગાઉ જાન્યુઆરીમાં આઈઆરએફસીએ આઈપીઓ માટે ડ્રાફ્ટ પેપર ફાઈલ કર્યાં હતાં, જેમાં ૯૩.૮ કરોડ ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને ભારત સરકારના ૪૬.૯ કરોડ ઈક્વિટી શેર્સના ઓફર ફોર સેલ સામેલ હતાં.

મધપૂડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્યો છે કે, હજી પણ કોંગ્રેસના કેટલાક અન્ય ધારાસભ્યો અમારા સંપર્કમાં છે. જેથી આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે કે, પેટાચૂંટણીના પરિણામો પહેલાં કોંગ્રેસને વધુ ઝાટકા મળી શકે છે. ભાજપના નેતા પંકજ ચતુર્વેદીએ કહ્યું હતું કે, ભાજપમાં જોડાનારા નેતાઓનું સ્વાગત છે. તેમના આ નિવેદનના પગલે કોંગ્રેસમાં ખળભળાટ મચી ગયો છે.

ટેરર ફંડિંગ મામલે

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. ૨૬/૧૧ના આતંકવાદી હુમલાના સૂત્રધાર હાફિઝ સૈયદની આતંકવાદી સંસ્થા ફલહ એ ઈન્સાનિયત તરફથી મળેલા બેફામ નાણાં દ્વારા કેટલાક લોકોએ ઘણાં ભારતીય શહેરોમાં પોશ એરિયામાં પ્રોપર્ટીઓ ખરીદી હતી. ટ્રેંછ આવા કારનામાંની સાબિતીઓ એકઠી કરી રહી હતી.

હાઈકોર્ટ પહોંચી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુશાંતની બહેનો એક્ટરને કોઈ પણ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર દવાઓ આપતી હતી. જેના કારણે એક્ટરને પેનિક અટેક આવ્યો હતો અને તેણે સુસાઈડ કર્યું હતું. રિયાએ દાખલ કરેલી ફરિયાદમાં એફઆઈઆરની કોપીને મુંબઈ પોલીસે સીબીઆઈને સોંપી છે. હવે સુશાંતની બહેનોને તે વાતની ડર છે કે શું સીબીઆઈ તેમની પણ ધરપકડ કરશે? આ માટે પ્રિયંકા અને મીતૂએ બોમ્બે હાઈકોર્ટમાં પેટિશન ફાઈલ કરી છે અને આ મામલે સુનવણી જલ્દી કરવાનું કહ્યું છે. સુશાંતની બંને બહેનો ઈચ્છે છે કે રિયા દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆર હેઠળ તેમની સામે કોઈ એક્શન લેવાની સંભાવના બને તે પહેલા કોર્ટમાં સુનવણી થાય. તમને જણાવી દઈએ કે બંને પોતાના વકીલના માધ્યમથી જસ્ટિસ એસ એસ શિંદે અને જસ્ટિસ એમ એસ કર્નિક સામે આ વાત રાખી હતી. જો કે આ મામલે રિયા ચક્રવર્તીએ બોમ્બે હાઈકોર્ટને અપીલ કરી છે કે તે સુશાંતની બહેનોએ જે એફઆઈઆર રદ્દ કરવાની અપીલ કરી છે તેને ફગાવી દે અને તેની બહેનોની વિરુદ્ધ એક્શન લે. તમને જણાવી દઈએ કે સુશાંત સિંહ રાજપૂતની મોત પછી રિયા ચક્રવર્તીએ પોતાના નિવેદનમાં એક્ટરને ડ્રગ્ટ એડિક્ટ અને ક્લાઉસ્ટોફોબિક જણાવ્યો હતો. સુશાંત ૧૪ જૂનના રોજ પોતાના બાંદ્રા સ્થિત ઘરમાં મૃત હાલતમાં મળ્યા. આ મામલે તપાસ પછી મોટી એન્જસીઓ પણ આ તપાસમાં જોડાઈ.

૧૯ કેસ નોંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વીકાર્યો છે. આ ઉપરાંત અર્બન-૨ વિસ્તારમાંથી ૭૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

માણસા તાલુકામાંથી આજે ૧૧ કેસ નોંધાયા છે. જેમાં ગોવિંદપુરા ગામેથી સાત કેસ અને ગુલાબપુરામાંથી ૩ તેમજ બોરૂ ગામેથી એક કેસ મળી આવ્યો છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા વધતાં તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

ગોવિંદપુરા ગામેથી ૫૫ વર્ષીય ખેડૂત, ૬૮ વર્ષીય ગૃહીણી, ૭૦ વર્ષીય ગૃહીણી, ૬૦ વર્ષીય ગૃહીણી, ૨૦ વર્ષીય વિદ્યાર્થી, ૪૦ વર્ષીય ગૃહીણી અને ૫૧ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

બોરૂ ગામેથી ૪૦ વર્ષીય ખાનગી નોકરી કરતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

તાલુકાના ગુલાબપુરા ગામેથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૭૬ વર્ષીય વૃદ્ધ, ૬૦ વર્ષીય ગૃહીણી તેમજ ૬૩ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ૨૩૦૧ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૬૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં ૧૪,૪૦૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

લાકડાની હરાજી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આસપાસ પણ હરિયાળા વૃક્ષોનો ઘેરાવ જોવા મળે છે. ત્યારે વિકાસના નામે વૃક્ષોની કટોતી થતી હોવાનો આક્રોશ પર્યાવરણ પ્રેમીઓમાં પ્રબળ બન્યો છે. ત્યારે જોખમી વૃક્ષોની કટોતી પણ અનિવાર્ય હોવાથી સ્થાનિકોની ફરિયાદોને ધ્યાને લઈને વૃક્ષોની કાપવામાં આવે છે. વન વિભાગ દ્વારા સેકટરોમાં નાગરિકોને અવરોધરૂપ થતા વૃક્ષોની ફરિયાદ મુજબ કટોતી કરવામાં આવે છે. આ ઉપરાંત સેકટરોમાં હરિયાળી વનરાજી વચ્ચે નમી પડેલા ઉભા સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે સમયાંતરે સર્વેના અંતે વનતંત્ર આ વૃક્ષોને દુર કરે છે. શહેરમાં ઉભા સુકા વૃક્ષોની સંખ્યા વધુ છે. હાલ પણ તબક્કાવાર આવા જોખમી વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. ભયજનક અને ફરિયાદનુ કારણ બનેલા વૃક્ષોની કટોતી બાદ આ જલાઉ અને ઈમારતી લાકડુ જુદુ ગોઠવવામાં આવે છે. જયારે આ વૃક્ષોની કટોતીના અંતે વનતંત્રને થતી લાકડાની ઉપજ સંદર્ભે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. સુત્રોના જણાંવ્યા મુજબ થોડા દિવસો અગાઉ વનતંત્ર દ્વારા સે-૩૦ ના ડેપોમાં લાકડાની હરાજી કરવામાં આવી હતી. જયારે આ હરાજી દરમિયાન ૧૫૬ અરજદારોએ ભાગ લીધો હતો. જેમાં બહીયલ અને ખંભાતના અરજદારોએ વિશેષ ભાગ લીધો હતો. હરાજીની પ્રક્રીયા દરમિયાન ૮૦૦ ક્વિન્ટલ લાકડાની ખરીદી થઈ હતી. જેના અંતે વનતંત્રને રૂ ૯.૫૬ લાખની આવક થઈ હતી.

૧૮૧૯ કેસ થયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૨૬ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૨૬ માં રહેતા અને બેંક મેનેજર તરીકે પોર-અડાલજમાં ફરજો બજાવતા ૫૬ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૪૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩ માંથી આજે બે કેસ નોંધાયા છે. ૨૨ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત વાવોલ ખાતે સોના-ચાંદીની દુકાન સાથે સંકળાયેલ ૫૨ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૬ માં રહેતા અને કન્સ્ટ્રક્શનના કામ સાથે સંકળાયેલ ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧૪ માં રહેતા અને સી.એન. પટેલ ફિઝીયોથેરાપી કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજો બજાવતા ૩૫ વર્ષીય અધ્યાપકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માંથી ૮૨ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૫ માં રહેતા ૬૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો